© AJH 2023 | Vol. 05, Issue 02, April – June, 2023
ANSH – Journal of History
ISSN (Online) No. 2582 -046X
Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# વાવ તાલુકાના પ્રાચીન મંદિરોમાં ઉજાગર થતો ઈતિહાસ

**Dr. Pratapsinh Ranaji Venziya;** Assistant Professor, Dept. of History, Shri Anand Arts College, Eta

***ABSTRACT :***

*સાંસ્કૃતિક વારસાથી ભરપૂર એવા ભારત દેશના ખૂણે ખૂણે મંદિર સ્થાપત્યનો ખજાનો જોવા મળે છે. વાવ તાલુકો એ ભારત-પાકિસ્તાન સરહદે આવેલો તાલુકો છે. રજવાડા સમયના ઇતિહાસથી જોડાયેલ આ તાલુકામાં પ્રાચીન મંદિરો આવેલા છે. જે અત્યંત રમણીય, મનમોહક અને ઐતિહાસિક તથ્યો સાથે જોડાયેલા છે.*

*વધુમાં કપિલેશ્વર મહાદેવ મંદિરની કોતરણી પાટણની રાણકી વાવ સમાન જોવા મળે છે. તો ઢીમા માં મૂછાળો શામળિયો, મૂળેશ્વર મહાદેવ મંદિરને વાવમાં આદ્યશક્તિ માં હિંગળાજ મંદિર વગેરે મંદિરો ઐતિહાસિક ઘટનાઓના સાક્ષી બનતા જોવા મળે છે.*

***Key words:***

*સ્થાપત્ય કળા, પ્રાચીન મંદિર, કમલેશ્વર મહાદેવ મંદિર, વાવ તાલુકાના મંદિર*

**પ્રસ્તાવના:**

બનાસકાંઠા જીલ્લાના મહત્વના અને હિન્દુ સમાજની આસ્થાના પ્રતિક એવા પ્રાચીન મંદિરોમાં અંબાજી માતાનું મંદિર, થરાદ મુકામે આવેલ નારણદેવી માતાનું મંદિર, ટડાવ ખાતે આવેલ શીતળા માતાજીનું મંદિર, કપિલેશ્વર મહાદેવ મંદિર તેમજ મુળેશ્વર મહાદેવ મંદિરનો સમાવેશ થાય છે. તે ઉપરાંત પણ આ વિસ્તારના મંદિરો વિશેની ટૂંકમાં રજુઆત કરવામાં આવી છે. ઐતિહાસિકતા માટે કેટલાક મંદિરોના પુરાવાઓ મળી રહે છે. તો કેટલાંક મંદિરોના ઈતિહાસની રજુઆત પ્રચલિત દંતકથાઓના આધારે આપવામાં આવેલ છે.

**આદ્યશક્તિમાં હિંગળાજનું મંદિર, વાવ**

પરમાર રાજપુતોની પાંત્રીસ શાખાઓ પૈકી અખેરાજ સોઢાના વંશજો વિરાવાવ પાસેના કોટડા ગામે રાજ કરતા હતા. જેમનાં સમય જતાં વેજાજી થયા અને તેમના પરથી વેંઝિયા કહેવાયા. વિ.સં. ૧૩૫૭ના વૈશાખ વદ પાંચમને રોજ વર્તમાન સમયના કપિલેશ્વર આજુ બાજુના પ્રદેશમાં આવીને વસ્યાં. આ રાજપુતોની કુદેવી ચામુંડા હતા. માં હિંગળાજમાં અતૂટ શ્રધ્ધા અને બલુચિસ્તાનમાં આવેલ માના શક્તિપીઠ અનેક વાર યાત્રાઓ કરેલ અને પરીણામે વેંઝિયા પરીવાર ચડાઉ દેવી તરીકે પુજતાં કુળદેવી તરીકે સ્થાપિત કર્યા. આ વેંઝિયા રાજપુતોએ ૧૪મી સદીમાં વિ.સં. ૧૩૮૭ના જેઠ સુદ ૧૧ના શુભ દિવસે વેંઝિયાસર તળાવ ખોદાવ્યું અને તેની પાળે માં હિંગળાજ અને દુધેશ્વર મહાદેવનું શિખરબંધ મંદિર બંધાવ્યું હતું. અને ત્યાર બાદ વેંઝિયા પરીવાર એકત્ર થઈને વિ.સં. ૨૦૭૧ના જેઠ સુદ ૧૦ના પાવન દિવસે ભવ્ય આયોજન કરી પુનઃપ્રાણપ્રતિષ્ઠા કરી હતી. પાવન અવસરને દિપાવવા અદ્વૈતગીરી માતાજી (કૈલાશ ગુફા, કચ્છ-ભુજ)ના વચનોમાં શ્રી દેવી ભાગવત નવાહ કથાનો લાભ વાવ તાલુકાની જનતાને તારીખ ૧૯મી મે ૨૦૧૫ થી ૨૭મી મે ૨૦૧૫ સુધી મળ્યો હતો. સદર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ.પૂ. નિજાનંદ બાપૂ (ગોતરકા), પ.પૂ. કરશનદાસજી મહારાજ (કટાવધામ), પ.પૂ.સં.શ્રી નાગરવનજી મહારાજ (કરબુણ) પ.પૂ.મ.શ્રી જાનકીદાસ મહારાજ (ઢીમા), પ.પૂ. રામલખનદાસ મહારાજ (ચિત્રકુટધામ–ચારડા), પ.પૂ.સ.શ્રી જયરામદાસ બાપૂ (પાગલ બાબા – વાવ) ઈત્યાદી સંતો મહંતોની ઉપસ્થિતિમાં આયોજનબધ્ધ રીતે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.[1]

**નડેશ્વરી માતાનું મંદિર, નડાબેટ**

રણનો વિશાળ પટ માભોમને રક્ષતા સૈનિકો અને શ્રધ્ધાળુઓથી ઉભરાતો આ રણધ્વિપ ભકિત અને શકિતનો સુભગ સમન્વય છે. વાવ તાલુકાના સુઇગામથી ૨૦ કી.મી. દુર જલોયા ગામની પાસે સૈનિક છાવણીનું સ્થળ નડાબેટ લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. દર વર્ષ ચૈત્ર નોમના દિવસે ભરાતા આ મેળામાં હજારો યાત્રિકો નડેશ્વરી માતાના દર્શને ઉમટી પડે છે. નડાબેટ નજીક

આવેલા બી.એસ.એફ.કેમ્પના જવાનો પણ શ્રધ્ધાથી માતાજીની પુજા-આરાધના કરે છે. એક દંતકથા મુજબ જુનાગઢના રાજા નવધણે પોતાના વિશાળ લશ્કરી કાફલા સાથે પોતાની બહેન જાસલને સિંધના મુસલમાન રાજાની કેદમાંથી છોડાવવા આક્રમણ કરેલ ત્યારે અહીંથી પસાર થતાં નડાબેટ મુકામે મુકામ કરેલ તે વખતે ચારણ કન્યાએ લશ્કરી કાફલાને જમાડી રણનો સલામત રસ્તો બતાવી વિજયના આશીર્વાદ આપેલા. આ ચારણ કન્યા શ્રી નડેશ્વરી માતાજી તરીકે પુજાય છે. નડાબેટ એક ઐતિહાસિક પ્રાચીન બેટ છે. આઝાદી પહેલાં નડાબેટની ખુબજ જાહોજલાલી હતી. પુષ્કળ ખડીધાસ થતું. જાગીરદારો તથા માલધારીઓ અહીં રહેતા. કુદરતી ઝરણાં વહ્યા કરતા હતા. દુષ્કાળના વખતમાં લોકો સિંધ પ્રદેશ તરફ મજુરી માટે જતા ત્યારે નડેશ્વરી માતાને વંદન કરીને પ્રસાદી ચડાવીને જતાં. નડેશ્વરી માતાજીના મંદિરની બાજુએ ગૌશાળા આવેલ છે. ડાબી બાજુ જતાં બી.એસ.એફ.નો કેમ્પ આવેલો છે. મંદિરમાં ઉત્તર દિશામાં હનુમાનજીની મુર્તિનુ મંદિર આવેલું છે. આ ભુમિ ઉપર ધણા સંતોએ તપ કરેલ છે. માટે પવિત્ર પયોભુમિ કહેવામાં આવે છે.[2]

**ભગવાનશ્રી ત્રિકમજીનું મંદિર, વાવ**

ભગવાન શ્રીહરીએ સમયાંતરે પૃથ્વી પર થતા અત્યાચારોનો અંત લાવવા પોતે અવતાર ધારણ કરેલ જોવા મળે છે એ જ રીતે એમના આઠમાં અવતાર તરીકે આશરે પાંચ હજાર વર્ષ પૂર્વે ભગવાન શ્રી કૃષ્ણ અવતર્યા હોવાનું માનવામાં આવે છે. દ્વારકાધીશ, શામળાજી, રણછોડરાય કાળીયા ઠાકર તો કયાંક ધરણીધર ને ત્રિકમજી એવા અનેક નામોથી ઓળખાતા એવા ભગવાન શ્રીકૃષ્ણ વાવ તાલુકાના વાવ ધામે શ્રી ચર્તુભુજ ત્રિકમજીના નામે વાવના મધ્યમાં બીરાજમાન છે.

લગભગ ૧૩મી સદીમાં મુસ્લીમોએ ભારતના મંદિરોને ખંડીત કરવાનું કુકર્મ કરેલ જોવા મળે છે એ જ સમયમાં મૂળ રાજસ્થાનના શાડીલ્ય ગોત્રના બ્રાહ્મણ પરીવાર ધર્મના રક્ષણ હિતાર્થે ભગવાનની મૂર્તિઓ લઈને રાજસ્થાનના સાંચોરથી નીકળી ડાભલાં ગામે આવી પહોચે છે.[3] આ ગામના લોકોએ તેમને રહેવા માટેનું સ્થાન આપ્યું અને ડાભલાં ગામે ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં

આવી.

કેટલાય સમય બાદ વીરાવાવથી આવેલા થરાદ રાજયના કુળદીપક રાણા વજેરાજને પોતાનું રાજય પરત મેળવવા સોઢા પરમારોએ મદદ કરી અને વાવ રાજયની વિ.સં. ૧૩૦૦માં સ્થાપના કરવામાં આવી હતી. આ વજેરાજના જ ૧૦મી પેઢીએ રાણા પચાણજી થયા. જેઓ ભગવાનશ્રી ધરણીધરના પરમ ભક્ત હતા. જેઓ સવારે રોજ ધરણીધરજીના દર્શન કરવા જતા હતા. સમય જતા ઉમર થઈ અને દાદા એ એમના સ્વપ્નમાં આવી ને ડાભલાં ગામે મારા જ સ્વરૂપે ભગવાન બિરાજમાન છે તેમના દર્શન કરવાની વાત કરી અને પછી તો તેઓ ત્યાં જ દર્શન કરવા જતા હતા. તેમના જ પરીવારમાં રાણા વજેરાજજી બીજા થયા અને વિ.સં. ૧૭૦૨માં ડાભલાં ગામથી ભગવાનશ્રી ત્રીકમજીની મૂર્તિ વાવના મધ્યમાં બિરાજમાન કરાવે છે. ત્યારે મંદિરના પૂજારી સાંચોરા બ્રાહ્મણ સવજી મહારાજ હતા. સમયાંતરે મંદિરની જમણી બાજુએ ગણેશજી, ડાબી બાજુએ મહાલક્ષ્મી માતાજીના મંદિરની સ્થપના શ્રી ભીખાજી પબાજી વેંઝિયા (સોઢા પરમાર) રૂ. ૧૫૦૦ આપી કરાવે છે.

વર્તમાન સમયમાં અતિ આધુનીક અને ભવ્ય મંદિરનું કામ પૂર્ણતાના આરે છે. જેની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા ચૈત્ર સુદ ૯ ને શુક્રવાર તારીખ: ૧૫મી એપ્રિલ ૨૦૧૬ના રોજ હિન્દુ સંસ્કૃતિના પાવન ધામના રક્ષણાર્થે કરવામાં આવેલ. જેના યજ્ઞના આચાર્યશ્રી, શાસ્ત્રી હિતેશકુમાર ગોરધનભાઈ ત્રિવેદી (લણવા, બનાસકાંઠા) હતા. જેઓએ વાસ્તુશાસ્ત્રમાં સૂવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરેલ છે. હતો. સદર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ.પૂ. નિજાનંદ બાપૂ (ગોતરકા), પ.પૂ. કરશનદાસજી મહારાજ (કટાવધામ), પ.પૂ.મ.શ્રી જાનકીદાસ મહારાજ (ઢીમા), પ.પૂ.સ.શ્રી જયરામદાસ બાપૂ (પાગલ બાબા – વાવ) ઈત્યાદી સંતો મહંતોની ઉપસ્થિતિમાં આયોજનબધ્ધ રીતે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આઝાદી મળ્યા પછી ભારતના તમામ મંદિરોની દેખરેખ શ્રી સનાતા ધર્મ કાર્યવાહક મંડળ

રાખે છે. જેની સ્થાપના ઈ.સ. ૧૯૫૩માં રજીસ્ટ્રેશન નંબર ૧૭૯થી વાવના ધર્મપ્રેમીશ્રીઓ સરૂપચંદજી ગોપાળજી ઠકકર, કનૈયાલાલ વ્યાસ, દેવરામભાઈ ત્રિવેદી, લાધાજી લાલાજી વેંઝિયા (સોઢા પરમાર), હીરાજી વેંઝિયા (સોઢા પરમાર), ચાંદાજી બેચરજી ચારડીયા, કાળીદાસ સાચોરા, સવજી રાઠોડ, ચંદુલાલ રાઠોડ, ચતુરજી ત્રિકમજ સોની, ખત્રી મફતલાલ રવજી, દાનાજી નરબતજી રાજપુત (સોઢા પરમાર), રાજપુત મેહાજી રામજી વગેરે વાવના અગ્રણી લોકોની મહત્વની ભૂમિકા રહેલી જોવા મળે છે.

**રામજી મંદિર, વાવ**

વિ.સં. ૧૯૬૫માં વાવ રાણા ચંદનસિંહના સમયમાં વાઘેલા રાણીએ વેંઝિયાસર તળાવની પશ્ચિમ દિશામાં બે નાના મંદિરો બંધાવ્યા હતા. જેમાં એક મંદિરમાં શિવાલય અને બીજા મંદિરમાં રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનજીની પ્રતિષ્ઠા કરેલ છે. અને સદર મંદિરની બાજુમાં યાત્રાળુઓને રોકાવા માટે ધર્મશાળાની પણ વ્યવસ્થા કરેલ છે. થોડો સમય વિત્યા બાદ આ રામજી મંદિરમાં સિતારામ બાપુએ ઉતારો લીધેલ હતો. એમની પ્રેરણા અને આશીર્વચનથી વિ.સં. ૨૦૧૩માં સનાતન ધર્મ કાર્યવાહક મંડળ, ગામ લોકો તેમજ રાણા હરિસિંહના સહયોગથી બંને મંદિરોનો જીર્ણોધાર કરવામાં આવ્યો હતો. સનાતન ધર્મ કાર્યવાહક મંડળ, વાવ દ્વારા આવનાર સમયમાં નવિન મંદિર બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

**શ્રી વિનાયક ગણપતિ મંદિર, વાવ**

વાવ નગરે મહારાણા પ્રતાપ ચોકમાં બિરાજમાન શ્રી વિનાયક ગણપતિના મંદિર દંત કથા અનુસાર વાવ રાણા હરિસિંહ જૈનધર્મ પ્રત્યે આદર ભાવ રાખતા હતા. અને તેઓએ તેમના ગુરૂ તરીકે આચાર્ય શાંતિવિજયસુરેશ્વરજીને માનતા હતા. વર્તમાન સમયમાં જ્યાં ગણેશજીનું મંદિર છે ત્યાં નાનકડી ડેરી બંધાવેલ હતી. પણ એ સમયમાં કેટલાક વિધર્મીઓ ત્યાં કુકર્મો કરતા હતા. તેથી જેનો એ મૂર્તિને રાજસ્થાનના માઉન્ટ આબુ લઈ જાય છે. સદર જગ્યા હવે એમજ પડી રહેલ

હતી. ત્યારે સનાતન ધર્મ મંડળના પ્રમુખશ્રી, સરૂપચંદજી ઠક્કર વાવ રાણા કર્ણસિંહને મળીને આ જગ્યા સનાતન ધર્મ મંડળમાં લઈને ત્યાં ગણેશજીની મૂર્તિ પધરાવી મંદિર બંધાવેલ છે.

**લક્ષ્મીગીરીબાપુની મઢુલી, વાવ**

આજથી લગભગ ૪૫૦ વર્ષ પૂર્વે એક મહાત્માજી ફરતા ફરતા વાવ નગરમાં આવ્યા. તેઓ વાવ ના વેંઝિયા (સોઢા પરમાર) પરીવારે માં હિંગળાજના સાનિધ્યમાં ઊંચે ટેકરી પર કાચો ઓરડો બનાવી આપ્યો અને રહેવાની વ્યવસ્થા કરી આપી હતી. મહાત્મા ત્યાં જ તપસ્યા કરતા હતા.

એક પ્રચલિત દંતકથા અનુસાર ૪૦૦ વર્ષ પૂર્વે મહાત્માજી[4] ફરતા ફરતા વાવ નગરમાં આવ્યા. તેઓ વાવ ના વેંઝિયા (સોઢા પરમાર) પરીવારે માં હિંગળાજના સાનિભ્યમાં ઊંચે ટેકરી પર કાચો ઓરડો બનાવી આપ્યો અને રહેવાની વ્યવસ્થા કરી આપી હતી. મહાત્મા ત્યાં જ તપસ્યા કરતા હતા.અને સમય વિતતાં લક્ષ્મીગીરીબાપૂએ જીવંત સમાધી લીધી હતી. આ જ સમયમાં વેંઝિયા  (સોઢા પરમાર) રાજપુતો હારીજ મકાન બનાવવા માટે લાકડું લેવા ગાડું લઈને જાય છે. મકાનના લાકડા લઈને પરત આવતા હોય છે ત્યારે એક બળદ મૃત્યુ પામે છે. આવી ઓચિંતી આવેલી  આફતથી ઘભરાઈ જાય છે. આ જ સમયે લક્ષ્મીગીરી બાપુ આવે છે અને ચલમ પિતા પિતા કહે છે કે આ બળદને કઈ નથી થયું એમ કહી થાપ મારે છે તો બળદ ઉભો થઈ જાય છે. પછી તેઓ વાવ પરત આવી પરીવારના લોકોને વાત કરી ત્યારે એમને ખબર પડી કે બાપૂએ તો જીવંત સમાધી લીધી હતી. તમને એમણે પરચો આપ્યો છે. આ વાત જાણી તેઓએ લક્ષ્મીગીરી બાપૂને નમન કરે છે.

સમય જતાં આ મઢુલીની જગ્યા પર ઝાડી ઝાંખરા અત્યંત વધી ગયાં હતા. આ જ સમયે ગાંજામાં ધૂત થઈ જતાં એવા ત્રિવેદી યશવંતભાઈ મોહનલાલ અને તેમના મિત્રો આ જગ્યા પર ગાંજો પિવા બેસવા લાગે છે. અને આ જગ્યાની સાફ સફાઈ પણ કરે છે. ગાંજા પીવામાં

યશવંતભાઈને રૂ. ૬૦૦ દેવું થઈ જાય છે અને વાવ છોડી ને જતા રહે છે. આમ, વાવ છોડયા બાદ ત્રિવેદી યશવંતભાઈ સારૂ એવું કમાઈ જાય છે. એક દિવસ સ્વપ્નમાં લક્ષ્મીગીરી બાપૂ આવતા તેઓ વાવ પરત આવે છે. લક્ષ્મીગીરી બાપૂની જગ્યાના સુધારા અર્થે વાવના યુવાનો અને સનાતન ધર્મ કાર્યવાહક મંડળનો સાથ લઈ આ જગ્યા પર નાના નાના મંદિરો બંધાવે છે. અને લક્ષ્મીગીરી સેવા સમિતિની પણ રચના કરે છે.

સોલંકી રાજા મૂળરાજ સોલંકીના સમયનું આ મંદિર વાવ ગામથી ૨૬ કી.મી.ના અંતરે પાડણ ગામમાં આવેલ છે. અતિ પ્રાચીન મુળેશ્વર મહાદેનું મંદિર દંત કથા અનુસાર જયારે મૂળરાજ સોલંકી રા-લાખાના ભયથી લોકોને મુકત કરવા નીકળ્યો હોય ત્યારે પોતાની શક્તિ વધારે હોવાની સમજીને મૂળરાજ યુધ્ધ ચડે છે. પરંતુ બને છે એવું કે એ યુધ્ધમાં રા-લાખાની યુધ્ધ કરવાની કુશળતાના પરીણામે યુધ્ધ હારી જાય છે. મૂળરાજ હારના કારણે તેના આત્માને અંદરથી વાગી આવે છે. ત્યારે એક ૠષિમુની ઉપાય બતાવતા જણાવ્યું કે, જયારે અપુજ રહેલા મહાદેવના શિવલિંગને પુજશે ત્યારે વિજય થશે. આ બાબતને ધ્યાને રાખીને રાજાએ પોતાના હસ્તકના તમામ ગામોમાં સાદ પડાવી ગામલોકોને સૂચના આપી હતી. એવામાં વાવીયાળ નામનો એક બ્રાહ્મણ જંગલમાં વિહાર કરતો હોય છે અને તેની નજરે એક ગાય પોતાનું દુધ જમીન પર વહાવતી જોવા મળે છે. આ પરથી તે નકિક કરે છે કે, મહાદેવ આ જગ્યા પર જ હોવા જોઈએ અને એ વાતની જાણ રાજાને કરે છે. રાજા એ જગ્યાએ ખોદકામ કરાવતી વખતે સાતેક ફૂટે વિશાળ શિવલિંગજીના દર્શન થાય છે. બ્રાહ્મણને આમંત્રણ આપી શાસ્ત્રોર્થ વીધી સાથે મૂળરાજ સોલંકી પૂજા કરે છે. અને ફરીથી રા–લાખા પર ચડાઈ કરે છે. આ યુદ્ધમાં મૂળરાજ સોલંકીનો વિજય થાય છે. સદર જગ્યા પર મૂળરાજ સોલંકી ભવ્ય મંદિર બંધાવે છે. શિવરાત્રીનાં રોજ અહિંયા ભવ્ય મેળો ભરાય છે.

બનાસકાંઠા જીલ્લાના વાવ ગામથી ૦૬ કી.મી.ના અંતરે કપિલેશ્વર મહાદેવનું ભવ્ય અને અતિ પ્રાચીન મંદિર આવેલ છે. લોક વાયકાઓ અનુસાર આ મંદિર મહાભારત સમયમાં કપિલ

મુનિના કહેવાથી પાંડવો દ્વારા બનાવવામાં આવ્યું હોવાની ચર્ચાઓ થતી સંભળવા મળે છે. તે સમયમાં આ સંપૂર્ણ વિસ્તાર ગાઢ જંગલમાં વિસ્તરેલો હતો. તપસ્યા કરવાના હેતુથી આ મંદિરનું નિર્માણ મહર્ષિ કપિલમુનિએ સદર જગ્યા પસંદ કરેલ હશે. પાંડવો વનવાસ સમયે લાંબો સમય અહિંયા જ રોકાયા હોવાની લોક વાયકાઓ પણ સાંભળવા મળે છે. વિ.સં. ૧૮૩૩માં વાવ રાણા ગજસિંહે મંદિરનો જીર્ણોધાર કરાવ્યો હોવાનો ઉલ્લેખ પાળીયા સ્વરૂપે મળી આવેલ છે. વર્તમાન સમયમાં પાછળના ભાગમાં ગૌ-શાળા કાર્યરત છે. અને અંદાજીત ૩૫૦ કરતાં પણ વધારે ગાયોની સેવા અહિંયા કરવામાં આવે છે. મંદિરની દક્ષિણ દિશામાં વિશાળ યજ્ઞશાળા પણ આવેલી છે. હાલમાં પક્ષીઓને રહેવા માટે ૩૫ ફૂટ ઉચું પક્ષીઘર બનાવવાનું કાર્ય પણ હાથ ધરેલ છે. સદાવ્રત અન્નક્ષેત્ર પણ અહિંયા કાયમી ખાતે ચાલે છે. દર સોમવારે શ્રધ્ધાળુઓ દર્શને આવે છે. શ્રાવણ માસમાં તો રોજ અહિંયા યાત્રાળુ ઓ આવે છે તેમજ અમાસના રોજ યજ્ઞ પણ કરવામાં આવે છે.

**ધરણીધર ભગવાન મંદિર, ઢીમા**

વાવ તાલુકાથી ૧૨ કી.મી.ના અંતરે ઢીમા ગામ આવેલું છે. જયાં ભગવાનનું પ્રાચીન મંદિર લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. હિન્દુ ધર્મમાં આ વિસ્તારના લોકોની માન્યતા અનુસાર ચાર ધામની યાત્રા કર્યા પછી ઢીમા દર્શન કરવા અત્યંત જરૂરી છે. અર્થાત ચાર ધામની યાત્રા સમાન સ્થાન આપવામાં આવેલ છે. ગુજરાતમાં ભગવાન શ્રીકૃષ્ણના ચાર મંદિરો પૈકી  ઢીમા ખાતે આવેલ ભગવાન શ્રી ધરણીધર મંદિરનો પણ સમાવેશ થાય છે. ઐતિહાસિક અને પૌરાણિક તથ્યો અને ઘટનાઓ સાથે જોડાયેલા આ મંદિર સમગ્ર ભારતભરમાં ભગવાન શ્રીકૃષ્ણની એકમાત્ર એવી મૂર્તિ છે જેમાં ભગવાન કૃષ્ણ “મુછાળા શામળિયા” સ્વરૂપે બિરાજમાન છે. ધરણીધર ભગવાનના મંદિરમાં પ્રસ્થાપિત વિષ્ણુ ભગવાનની મૂર્તિ રાજસ્થાનની અરવલ્લી પર્વતમાળામાંથી મળી આવેલી હતી. ભાદરવા સુદ ૧૧ના દિવસે બાજુના માદળા તળાવમાં ભગવાનની પુજા કરી

સ્નાન કરવાનો મહિમા છે. દર પુનમે અહિંયા મેળો ભરાય છે. ઢીમા વાવ રજવાડામાં ૧૮૭૦માં ભેળવવામાં આવ્યું હતું. તે બોમ્બે પ્રેસિડેન્સીની પાલનપુર એજન્સી હેઠળ હતું.[5] જે ૧૯૨૫માં બનાસકાંઠા એજન્સી બની હતી. ૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા પછી તે પહેલા મુંબઈ રાજ્ય અને ૧૯૬૦માં ગુજરાત રાજ્યમાં આવ્યું. આ ગામમાં આવેલું ધરણીધર મંદિર હિંદુઓનું બ્રિટિશ સમયથી મુખ્ય મંદિર રહ્યું છે. આ મંદિર ભગવાન શ્રીકૃષ્ણ ને સમર્પિત છે, જેના પર પૃથ્વી ટકેલી છે એ શેષનાગ અથવા ઢીમણનાગ પણ અહી બિરાજેલ છે. હિંદુ ધર્મમાં એવું મનાય છે.[6] ધરણીધર મંદિરની જાહોજલાલીથી આકર્ષાઈને દિલ્લીના સુલતાન અલાઉદીન ખિલજી એ ઈ.સ.૧૨૯૭ માં આ મંદિર પર આક્રમણ કરી તોડવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ મંદિર તોડવામાં તે અસફળ રહ્યો હતો.[7]

પ્રાચીનકાળમ્ાં અહિયાં વરાહ ભગવાનનું સુંદર મંદિર હતુ.પરંતુ ઈ.સ.૧૩૫૩ની સાલમાં અલ્લાઉદ્દદીન ખીલજીએ આ મંદિરમાં બિરાજમાન ભગવાન વરાહની મૂર્તિ ખંડીત કરી હતી. આ ખંડીત મૂર્તિમાથી શિવલિંગ પ્રગટ થયું. જે આજે મંદિર ના પરીસર માં છે. વારાહ મૂર્તિ ખંડિત કર્યા પછી તે બાદશાહ ઢીમણનાગદાદાની મૂર્તિ ખંડિત કરવા માટે ગયો અને ત્યાં ભમરા છુટયા તેથી બાદશાહની સેના અને સુબેદાર સહીત ત્યાંથી ભાગી છુટયો ત્યારથી કહેવત છે કે "ઢીમા ઢીમણનાગ ધગધુણી ઢલો કર્યો , ઉપર આવ્યો અસૂર હારીને પાછો ફર્યો. વરાહ ભગવાનનાં ખાલી સિંહાસનની સવાસો વર્ષ સુધી તેની પુજા કરવામાં આવી હતી. એક દિવસ ઢીમા ગામના ભગત કરડ રૂડાભાઇ પટેલને ધરણીધર ભગવાન સ્વપ્નમાં સંકેત કર્યો કે હે, રૂડાભગત સાંભળ! હું શામળો બોલુ છૂં. હું વાસવાડા ના ડુંગરો માં છું. તુ મને અહીંયા લેવા આવ અને તને આ સ્વપ્ન પર કોઈ શંકા હોય તો આ મુજબ ઘટના બને તો સાચું માનજે. તારા ઘરે ગાય બે વાછારડા ને જનમ આપશે અને તેમને કપાળ માં ચંદનનાં તિલક હશે.આ જો નીશાની સાચી પડે તો તે વાછરડા છ છ મહિના ના થાય ત્યારે ગાડાના વેલડે જોડી અને મને તું વાસાવાડાના ડુગરમાં

લેવા આવજે.[8]

સ્વપ્ન પૂરું થતાં જ ભગત સૂઈ ગયા અને સવારે તેમણે બધા ભક્તોને કહ્યું કે રાત્રે મારા સ્વપ્નમાં ભગવાન શામળે એવું કયું કે મેં આપેલ એંધાણસાચાં પડે તો મને બળદગાડું જોડીને લેવા અવવાનું કહ્યું છે. રૂડા ભગતના ઘરે છ મહિનાની ગાયો વાછરડા બની ગઈ અને હવે તેઓ ભગવાનને લેવા જવાની તૈયારી કરવા લાગ્યા. રૂડાભાઈ અને તેમના મિત્રો ગદાધર ભગવાનને શોધવા માટે રથ સાથે વસાવડાની ટેકરીઓ પર જાય છે. પણ ભગવાન ક્યાંય જોવા મળતા નથી. એક રાત્રે બંને ભક્તો મીઠી નિંદ્રા માણી રહ્યા હતા. તે સમયે ભગવાને ફરી ભક્તોને સ્વપ્નમાં સંકેત કર્યો કે, તમે જ્યાં સુતા છો તેની ઉત્તર દિશામાં સવાસો ડગલાં દુર વેલાંના પાંદડાઓ દુર કરીને એક શીલા હશે તેની પાછળ હું બિરાજમાન છું. સવાર પડતાં બંને ભકતો ઊગમણી દિશામા સવાસો ડગલાં ભરીને વેલાનાં પાંદડા દુર કરીને એક શિલા ખસેડી તો મારો વાલો શામળીયો હાથો હાથ ભગવાને દર્શન આપ્યા. બંને ભકતો વિચાર કરવા લાગ્યા કે આવડી મોટી મૂર્તિ કેવી રીતે બહાર લાવીશું અને કઈ રીતે વેલડામાં પધરાવીશું. બંને ભકતો એ ભગવાનને બંને હાથે પ્રાર્થના કરી તો ભગવાન તો જાણે કુલડાની જેમ હલકા બની ગયા.બંને ભકતો શામળીયાને વેલડાંમાં પધરાવી ઢીમા આવવા માટે ત્યાંથી વેલડાં ઢીમા જવા માટે શિધાવ્યાં. બળદગાડામાં રાજસ્થાનના વાંસાવાડાના ડુંગરોમાંથી ભગવાનની શામળિયાની મૂર્તિ લાવવામાં આવી અને જેઠ સુદ ૧૧ને વિક્રમ સંવત ૧૪૭૭ના રોજ પુનઃપ્રાણ પ્રતિષ્ઠા કરવામાાં આવી હતી.

**ઢીમણનાગ મંદિર, ઢીમા**

ઢીમા ગામે આવેલ ધરણીધર ભગવાનનું મંદિર હિન્દુઓની આસ્થાનું બ્રિટીશ સમયથી મહત્વનું મંદિર રહેલ છે. આ મંદિર ઢીમણનાગ અથવા શેષનાગને સમર્પિત છે. જેના પર પૃથ્વી ટકેલી એવું હિન્દુ ધર્મમાં માનવામાં આવે છે. એક પ્રચલિત દંતકથા અનુસાર ભગવાન ધરણીધરની જાહોજલાલીથી આકર્ષિત થઈને દિલ્લીના સુલતાન અલાઉદિન ખિલજીએ ઈ.સ.

૧૨૯૭માં આ મંદિર પર આક્રમણ કર્યું હતું. અને લૂટવાનો પ્રયાસ કરેલ, પરંતુ ઢીમણનાગે ભમરા ઉડાડી આક્રમણકારીઓને ભગાડી મૂકેલ હતા. આમ, આ મંદિરનો માતમ રહેલો જોવા મળે છે.

**ક્ષેત્રપાળ ધામ, ગોલગામ**

ગોલગામ એ એક ઐતિહાસિક અને પ્રાચીન ગામ તરીકે જાણીતું છે.અહિંયા ક્ષેત્રપાળ દાદાનું પ્રસિધ્ધ ધામ આવેલું છે. તથા દર વર્ષે મહા સુદ અગિયારસથી ચૌદસ દરમ્યાન મેળો ભરાય છે.

Encyclopedia of Indian Folk Literature: Folk lore of Gujarat મુજબ ક્ષેત્રપાળને ખેતરપાળ તરીકે પણ ઓળખવામાં આવે છે. હિન્દુ માન્યતા મુજબ ખેતર કે ક્ષેત્રની રક્ષા કરતા દેવ એટલે જ ક્ષેત્રપાળ (ખેતરપાળ). સામાન્ય રીતે ક્ષેત્રપાળ દાદાનું મંદિર ગામની બહાર અથવા નજીકના ભાગે જોવા મળે છે. કેટલાક વર્ગના લોકો તો પૂર્વજો તરીકે પણ પૂજતાં જોવા મળે છે.

ગોલગામની સ્થાપના અને ખેતરપાળ દાદાના મંદિર વિશેની એક પ્રચલિત દંતકથા મુજબ ગોહિલ ધરમરાજના પુત્ર ભોજરાજજી અને અખેરાજજી ખેડગઢથી ઉઠી મકવાણા હરપાલસિંહ અને સરદાર ધીરણરાવજીને પરાસ્ત કરી તે સમયમાં મજુવરનગર તરીકે ઓળખાતી નગરી પોતાના કબજ્જામાં લે છે. અને તેનું નામાભિધાન ગોહિલનગર[૧] કરે છે. અને સાથે ખેડગઢથી દાદા ખેતરપાળને લાવી સ્થાપના કરે છે. સમય જતાં વિધર્મીઓ આ મૂર્તિને ખંડીત કરે છે. અને વિ.સ. ૨૦૦૪માં ગામ લોકો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરાવે છે.

**શીતળા માતાનું મંદિર, ટડાવ**

શીતળા માતા ભારતીય ઉપખંડમાં પ્રાચીન કાળથી પ્રચલિત એવા હિન્દુ ધર્મના લોકોની દેવી તરીકે પૂજાય છે. માતાના વાહન તરીકે ગદર્ભને દર્શાવવામાં આવે છે. શીતળા માતાના શરીર પર હાથમાં લોટા (કળશ), સૂપ (પંખો), માર્જન, અને ઝાડું તેમજ લીમડાનાં પાંદડાં ધારણ

કરેલ જોવા મળે છે. આ તમામ એક વૈજ્ઞાનીક તારણો પર આધારીત છે. જેમ કે રકતસંક્રમણ સમયે પંખા વડે હવા નાખી શરીરે બળતરા શાંત કરવી, ઝાડું વડે ફોડલા ફોડી શકાય, કળશના ઠંડા જળથી શરીરને ઠંડું કરી શકાય તેમજ લીમડાના પર્ણો વડે ફોડલાને પાકતાં રોકી શકાય છે. ગદર્ભની લાદથી શીતળાના ડાઘ મટાડી શકાય છે. શીતળા માતાનું પણ મંદિર વાવ તાલુકાના ટડાવ ગામે આવેલ છે. જે વાવથી ૨૬ કી.મી.ના અંતરે આવેલ છે. અને હિન્દુ ધર્મમાં અલગ જ મહત્વ ધરાવે છે.


સંદર્ભ સૂચિ :-


---

1 **૧૯મી મે ૨૦૧૫ થી ૩૧મી મે ૨૦૧૫ સુધી ભાગવત કથા સાથે પુનઃપ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ બાબતની સાતત્યતા વેંઝિયા પરિવાર દ્વારા કરવામાં આવેલ સદર કાર્યક્રમની રૂપરેખા સાથેની પત્રિકાની માહિતીના આધારે અહિયાં વર્ણન કરવામાં આવ્યું છે.**

2 **અરજણભાઈ પટેલ, 'શ્રી નડેશ્વરી માતાનો ઈતિહાસ' નડેશ્વરી મંદિર ટ્રસ્ટ, નડાબેટ, ૨૦૦૫, પૃષ્ઠ ૦૧-૦૨**

3 **વર્તમાન સમયનું ડાભલીયા વાસ જે વાવ ગામથી ૨ કિ.મી.ના અંતરે આવેલ છે.**

4 **એ મહાત્માનું નામ લક્ષ્મીગીરી બાપૂ હોય છે.**

5 **Chisholm 1911, પૃષ્ઠ ૭૮૫.**

6 **Gazetteer of the Bombay Presidency: Cutch, Palanpur, and Mahi Kantha. Government Central Press. ૧૮૮૦, પૃષ્ઠ ૩૪૨.**

7 **પ્રકાશ સુથાર, વાવ તાલુકાના અગત્યનાં ધાર્મિક પ્રવાસન સ્થળો : ઢીમા અને લખાપીર, KCG Journal of Multi-Disciplinary, ISSN : 2279-0268, July – Sept. 2018, Issue 25**

[8] રેવાશંકર પ્રભુરામ સેવક, 'શ્રી ધરણીધર મહાત્મ્ય' ઢીમા, ૨૦૦૦, પૃષ્ઠ ૧૮-૨૦

[9] વર્તમાન સમયમાં ગોહિલનગર શબ્દની જગ્યાએ ગોલગામ તરીકે આ નગરને ઓળખવામાં આવે છે.